
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ



આપણે નવરાત્રી પછી નક્કી કરીએ... તું કેડીયા વગર આવ અને હું ચણિયાચોળી સીવાય ફોર્મલ ડ્રેસમાં આવુ .....પછી જ ચાસુ જજમેન્ટ આવશે..!!




વરસાદના કારણે ખુબ વિસ્તરેલા વૃક્ષોનું ટ્રીમીંગ શરૂ કરાયુ છે. મહાનુભાવોની અવરજવર હોય તેવા શહેરના મુખ્ય માર્ગ પર વૃક્ષોનું ટ્રીમીંગ કરવામાં આવી રહ્યુ છે. વન વિભાગના કર્મચારીઓ આખો દિવસ આ કામગીરીમાં જોતરાયેલા જોવા મળી રહ્યા છે.



પાણીનો કકળાટ ભર ચોમાસે ચાલુ રહ્યો છે. શહેરમાં પુરતા ફોર્સથી પાણી આવતુ ન હોવાની ફરિયાદો વારંવાર ઉઠવા પામી છે. સેક્ટર-૫માં છેલ્લા ઘણા દિવસોથી પૂરતા ફોર્સથી પાણી આવતુ ન હોવાથી વસાહતીઓ હેરાન પરેશાન થઈ ચૂક્યા છે.



સેક્ટર-૩-એ માં છેલ્લા ૨૦ દિવસથી ગટર તુટી ગઈ છે. આ ગટરનુ રીપેરીંગ કરવા ફરીયાદ કરવામાં આવી હોવા છતાં હજુ સુધી તેનુ રીપેરીંગ કરવામાં આવ્યુ નથી. તંત્રની ઢીલી નીતિથી વસાહતીઓ રોષે ભરાયા છે.



હજુ તો શિયાળો શરૂ નથી થયો ત્યાં યાયાવર પક્ષીઓનુ આગમન જોઈ શકાય છે. સમી સાંજે કે વહેલી સવારે ખુલ્લા આકાશ તરફ નજર નાંખો ત્યાં આકાશમાં વિહરતા કતારબદ્ધ યાયાવર પક્ષીઓનો અદ્ભૂત નજારો જોવા મળી જાય છે.



સેક્ટર-૩-એ-ન્યુ આયુર્વેદિક દવાખાનામાં ગાયત્રી યજ્ઞનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આયુર્વેદિક ચિકિત્સાના ભાગરૂપે આ યજ્ઞ યોજાયો હતો.



ગ-૪ના અંડરબ્રીજનું હમણાં જ લોકાર્પણ થયુ પરંતુ હજુ કામ અધુરૂ હોય તેવુ લાગે છે. અહીંના એક થાંભલાનુ ઢાંકણ નથી જેના કારણે અકસ્માત સર્જાવાની ભીતિ સેવાઈ રહી છે.



ગરમાગરમ જલેબી અને ફાફડાના સ્ટોલ્સ જોઈને લાગી રહ્યુ છે કે દશેરા નજીક છે. દશેરાની ઉજવણી ફાફડા-જલેબી વિના અધુરી ગણાય છે. સેક્ટર-૨૪ ચોકડી પાસે ઉભા થઈ ગયેલા ફાફડા-જલેબીના કાઉન્ટર પર અત્યારથી જ ભીડ જામવા માંડી છે.

# અક્ષરધામ મંદિર પાર્કિંગ પાસે થી દોઢ તોલાના દોરાની ચિલઝડપ

## તામિલનાડુના મહિલા મુસાફરના ગળામાંથી દોરો તોડી બે શખ્સો ફરાર

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગરના અક્ષરધામ મંદિરના વીઆઈપી પાર્કિંગ ગેટ પાસે ગઈકાલે સાંજના સુમારે તામિલનાડુના વૃધ્ધા દર્શાનાર્થીના ગળામાંથી દોઢ તોલાનો દોરો તોડી બાઈક પર આવેલા ચેઈન સ્નેચરો નાસી ગયા હતા. બનાવ અંગે સેક્ટર-૨૧ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરના જગવિખ્યાત અક્ષરધામ મંદિરની અંદર અને બહારની બાજુએ કડક સલામતી પહેરો ગોઠવાયેલો હોય છે. તેમ છતા ગઈકાલે સાંજના સુમારે વીઆઈપી પાર્કિંગના ગેટ સામે સોનાના દોરાની ચીલઝડપ થવા પામી છે. ત્યારે તામિલનાડુના એચ.કે. કુપુસ્વામી સ્ટ્રીટ મકાન નં.૯૦-૮૧, સ્ટુઅર્ટપેટ એરાકોન્નમ વેલ્લોર ખાતે રહેતા કે.સરસ્વતી ગત તા.૨૨ સપ્ટેમ્બરના રોજ ધરતી ટ્રાવેલ્સની બે બસમાં ૭૦ જેટલા મુસાફરો તામિલનાડુ થી ભારતના પ્રવાસે નીકળ્યા છે.ગતરોજ સાંજના ૬ વાગ્યાના અરસામાં અક્ષરધામ મંદિર ખાતે આવ્યા હતા. વીઆઈપી ગેટ પાસે પાર્કિંગમાં બસ પાર્ક કરી મુસાફરો મંદિરમાં દર્શનાર્થે ગયા હતા. દર્શન કરી મંદિરના ગેટ બહાર પાર્કિંગ તરફ મુસાફરો જઈ રહ્યા હતા તે સમયે કે.સરસ્વતીબેન, ડી. મહાપ્રિયા, તેમજ એન.સાબીથા, ડી.કોકીલા પણ ચાલતા જઈ રહ્યા હતા. તે સમયે વીઆઈપી ગેટ પાસે રોડ પર બાઈક પર બે ચેઈન સ્નચરો આવ્યા હતા.જે પૈકી પાછળ બેઠેલા શખ્સે બાઈક પરથી ઉતરીને સરસ્વતી બેન પાસે પહોંચીને અચાનક ગળામાંથી ત્રણ તોલાનો સોનાનો ઝુંટવી બાઈક પર બેસી ગયો હતો. ત્યારબાદ બંન્ને શખ્સો બાઈક પર નાસી ગયા હતા.જો કે મહિલાએ દોરો તુટતા હોહા કરી મુકી હતી. મુસાફરના દોરાની ચીલઝડપ થતા મુસાફરોમાં આક્રોશ ભભુકી ઉઠ્યો હતો. બનાવ અંગે મહિલાએ સેક્ટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી હતી.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે ગરમીનો પારો ૩૬ ડિગ્રીને પાર કરી જતાં નગરજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા હતા.

● ગાંધીનગરનું વહીવટીતંત્ર રાષ્ટ્રપતિની ગાંધીનગરની મુલાકાતને લઈ તૈયારીમાં વ્યસ્ત થઈ ગયુ છે.

● ગાંધીનગરથી મુંબઈ હવે છ કલાકમાં ટ્રેનથી પહોંચાશે: વંદેભારત ટ્રેનનું ભાડુ ૧૩૮૫ એસી ચેરકારનું જ્યારે એક્ઝી ચેરકારનું ૨૫૦૫ રૂ. નિયત કરવામાં આવ્યુ છે.

● થલતેજમાં જાહેરસભા પતાવી વડાપ્રધાનનો કાફલો ગાંધીનગર આવી રહ્યો હતો ત્યારે રસ્તામાં એમ્બ્યુલન્સને પસાર થવા વડાપ્રધાને પોતાનો કાફલો અટકાવી એમ્બ્યુલન્સ પસાર થવા દેતા સોશ્યલ મિડિયામાં લોકોએ વડાપ્રધાનના આ અભિગમને ખુબ વખાણ્યો છે.

● ગાંધીનગર જિલ્લામાં ૧૨૩૯ લોકોને કોરોનાવેક્સિનેશન અભિયાન અંતર્ગત આવરી લેવામાં આવ્યા છે.

● ગાંધીનગર મનપાના કાઉન્સીલર મહેન્દ્રભાઈ પટેલ (દાસ)ને ડાબા પગે ઈજા થતાં તબીબોએ રેસ્ટની સલાહ આપી છે.

● પૂજાપાના ભાવમાં ૧૫ ટકા જેટલો વધારો થતાં ભક્તજનોમાં કચવાટની લાગણી પ્રસરી છે.

● કલોલમાં ધાત્રી માતાઓને પોષણની કીટ અનાયત કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો.

● વિશ્વકર્મા પંચાલ સમાજ ગાંધીનગરની વાર્ષિક સાધારણ સભા ૨જી ઓક્ટો.ના રોજ સે. ૧૬ યુથ હોસ્ટેલ ખાતે યોજાશે.

● જિલ્લામાં સરકારી કાર્યક્રમોના ભારણને લઈ તંત્રમાં ફાઈલોના ઢગલા થઈ જવા પામ્યા છે.

● ગાંધીનગર અમદાવાદ વચ્ચેની સીટી બસો નિયત સમયે નહિ દોડતી હોવાથી પ્રવાસીઓ પરેશાન થઈ રહ્યા છે.

## શેરથા કસ્તુરીનગર બસ સ્ટેન્ડ પાસે અજાણી કારે બે યુવકોને અડફેટે લીધા

### એકનું સારવાર દરમિયાન મૃત્યું

ગાંધીનગર, તા.૩૦

કલોલ થી શેરથા ટોલટેક્ષ તરફ જતા માર્ગ પર કસ્તુરીનગર બસ સ્ટેન્ડ પાસે રાત્રીના નવ વાગ્યાના અરસામાં અજાણ્યા વાહન ચાલકે પોતાની ગાડી પુરઝડપે બેદરકારી અને ગફલતભરી રીતે ચલાવી બે યુવકોને ટક્કર મારતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચી હતી. જેમાં એક યુવકનું સારવાર દરમિયાન મૃત્યુ નિપજયુ હતું. બનાવ અંગે અડાલજ પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ કલોલ પંચવટી વિસ્તારમાં ગોકુલધામ સોસાયટીમાં ફલેટ નં.૫૦૨ ખાતે રહેતા પંકજ પ્રવિણ શાહ (ઉં.૪૧) તેમના કાકા રાજેન્દ્રકુમાર ચંદુલાલ શાહ સાથે રહે છે અને છત્રાલ જીઆઈડીસી વિસ્તારમાં એકસીસ ટયુબ પ્રા.લિ.ફરજ બજાવુ છું. જયારે તા.૨૫ સપ્ટેમ્બરના રોજ સાંજના પોણા નવ વાગ્યાના સુમારે અજાણ્યા વાહન ચાલકે કલોલ થી અડાલજ તરફ જતા રોડ પર શેરથા કસ્તુરી નગર બસ સ્ટેન્ડ સામે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી ફરીયાદીના ભાઈ અનિલ પંકજ શાહ (ઉં.૩૫) તેમજ અન્ય શખ્સ પાર્થ દિપક ગજ્જર (રહે. મનમોહન પાર્ક ઓઢવ નિકોલ) ને ટક્કર મારી અકસ્માત કર્યો હતો. અકસ્માતમાં બંનેને શરીરે ગંભીર ઈજા પહોંચતા સારવાર માટે ગાંધીનગર સિવિલ એડમીટ કરવામાં આવ્યા હતા. જયારે સારવાર દરમિયાન અનિલ પંકજ શાહનું તા.૨૬ ના રોજ સિવિલ ખાતે સારવાર દરમિયાન મૃત્યું નિપજયુ હતું. જયારે પોલીસે મૃતદેહનો કબ્જો સોંપી આગળની તપાસ હાથ ધરી છે.

## ગાંધીનગર શહેરના સેક્ટર-૪ સી ખાતેથી બાઈકની ઉંઠાતરી

ગાંધીનગર, તા.૩૦

શહેરના સેક્ટર-૪ સી ખુલ્લા પ્લોટમાં પાર્ક કરેલી જગ્યામાંથી બાઈકની ચોરી થવા પામી છે. બાઈક ચોરી અંગે યુવકે સેક્ટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ મુળ પાટણ જિલ્લાના ટુવડ ગામના અને હાલ ગાંધીનગર શહેરના સેક્ટર-૪ સી પ્લોટ નં.૮૫૭-૧ માં ભાડે થી જીમીત જગદીશભાઈ સિંધવ (ઉં.૨૨) રહે છે. જયારે જીમીત સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. જયારે બાઈક નં.જી.જે.૨૪.એ.ડી.-૨૯૯૭ નો ઉપયોગ અંગત કામ માટે કરતો હતો.ગત તા.૨૫ સપ્ટેમ્બરના રોજ ૮ વાગે બાઈક ઘરની બાજુમાં ખુલ્લા મેદાનમાં ઝાડની નીચે લોક કરી પાર્ક કરી વતન ખાતે ગયો હતો. ત્યારબાદ વતનથી તા.૨૮ ના રોજ રાત્રીના ૯ વાગે પરત ફરતા જીમીતને તેના મિત્ર બ્રિજેશ ખેરનાઓએ જોયુ તો બાઈક પાર્ક કરેલી જગ્યા પર ન હતું. ત્યારપછી તા.૨૯ ના રોજ બપોરે ત્રણ વાગે જોયુ તો પણ બાઈક દેખાયુ ન હતું. જેથી બ્રિજેશના મતે બાઈક કોઈ મિત્રલઈ ગયો હશે. તેમ સમજી મિત્ર વર્તુળમાં પુછપરછ કરી હતી. પરંતુ તમામ મિત્રોએ બાઈક લઈ નહી ગયા હોવાનું જણાવ્યું હતું. જેથી બ્રિજેશ તા.૩૦ ના રોજ સવા સાતે ફોન કરીને જણાવ્યું હતું કે તે જે જગ્યા પર બાઈક પાર્ક કર્યું હતું.તે સ્થળ પર ગઈકાલનું બાઈક જણાતુ નથી.તેમજ મિત્ર વર્તુળમાં પણ કોઈ લઈ ગયું નથી. જેથી જીમીત તાત્કાલીક વતનથી ગાંધીનગર દોડી આવ્યો હતો. જીમીતે મિત્રો સાથે રહીને આસપાસના સેકટરો તેમજ સમગ્ર વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ બાઈક મળી ન આવતા યુવકે રૂ.૧૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે શહેરમાં બાઈક ચોરી અટકવાનું નામ લેતી નથી. પાટનગરમાંથી આંતરે દિવસે બાઈક ચોરી થાય છે.ત્યારે હવે ઘર પાસે પાર્ક કરેલા બાઈક પણ સલામત રહ્યા નથી.

## સાદરા સંકુલ ખાતે રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા રકતદાન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૩૦

ગૂજરાત વિદ્યાપીઠ અમદાવાદ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ના રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા રકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં જિલ્લા આરોગ્ય તંત્ર અને તાલુકા હેલ્થ કચેરી ગાંધીનગર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર દભોડા ના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરવામાં આવ્યો હતો. તેમાં સંકુલના સંયોજક શ્રી ડૉ.રાજેન્દ્ર જોષી, સહ સંયોજક ડૉ.કનુભાઈ વસાવા, તબીબી અધિકારી ડૉ. નયનેશ વસાવા, ડૉ.નિસર્ગ પટેલ, ડૉ.અમીષા પટેલ, ડૉ.માહિરા શાસિયા - સી.એચ. ઓ, પ્રોગ્રામ ઓફિસર ડૉ.દિવ્યેશ ભટ્ટ, ડૉ.મોતી દેવું ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા મોટી સંખ્યાના રક્ત દાન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન સંકુલ ના સંયોજક શ્રી ડૉ રાજેન્દ્ર જોષી ના માર્ગદર્શનમાં પ્રોગ્રામ ઓફિસર ડો મોતી દેવું અને ડૉ.દિવ્યેશ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું રાષ્ટ્રીય સેવા યોજના એકમ ના સ્વયં સેવકોએ વ્યવસ્થાની જવાબદારી નિભાવી હતી



## સંકલિત બાળ વિકાસ યોજના અંતર્ગત પા પા પગલી યોજના દ્વારા ભૂલકાં મેળાનો પ્રોગ્રામ

ગાંધીનગર, તા. ૩૦

માણસા તાલુકામાં તા. ૨૮-૯-૨૨ બુધવારના રોજ સંકલિત બાળ વિકાસ યોજના આઈ સીડી એસ ગાંધીનગર જિલ્લા અંતર્ગત પા પા પગલી યોજના હેઠળ જિલ્લાકક્ષાના ભૂલકાં મેળાનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ખાસ કરીને ભૂલકાં દ્વારા જ દીપપ્રાગટ્ય તેમજ મહેમાનોનું સ્વાગત ભૂલકાંઓ દ્વારા કરવામાં આવેલ હતુ. વેસ્ટમાંથી બેસ્ટ વસ્તુઓની પ્રદર્શની ઉપરાંત વિવિધ જાતની રચનાત્મક અને સર્જનાત્મક પ્રવૃત્તિઓ કરી હતી. બાળકો દ્વારા સ્વાગત ગીત પર ખુબ સુંદર અભિનય કરવામાં આવ્યા. દરેક બાળકોને દસ-દસના ગૃપમાં બેસાડી દરેક ગૃપ દ્વારા અલગ-અલગ સર્જનાત્મક પ્રવૃતિઓ તથા ચીટકકામ, પક્ષીના ચિત્રોમાં રંગીન કાગળ દ્વારા ચીટકકામ, જુદાં જુદાં આકારના ચિત્રમાં ચીટકકામ તથા રંગ પુરવણી, બાળગીત, કઠપૂતળીના ખેલ વગેરે કરવામાં આવ્યું હતું. તમામ બાળકોને ઈનામ પણ આપવામાં આવેલ.

ઉપસ્થિત રહેલ મહેમાનોમાં મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન, બાંધકામ સમિતિના ચેરમેન, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન, પૂર્વ ચેરમેન, પોલીસ આવાસ નિગમ તેમજ અમદાવાદ ઝોનમાંથી આવેલ વિભાગીય નાયબ નિયામક, સીડપીઓ કમિશનર મહિલા અને બાળ વિકાસની કચેરીથી સ્ટેટ પ્રોગ્રામ ઓફિસર (બાંધકામ) તેમજ પા પા પગલી કન્સલટન્ટો તેમજ ભૂલકાંઓ અને વાલીઓ અને ગાંધીનગર આઈસીડીએસ સ્ટાફ ઉપસ્થિત રહેલ હતા.

## શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા ચાર સ્થાનોમાં રાશન કીટનું વિતરણ

ગાંધીનગર, તા. ૩૦

૨૯-૯-૨૨ બુધવારના દિવસે શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શામળાજી વિસ્તારના કારંછા, જાભચિતરીયા, જાંબુડી તથા અણસોલ મુકામે રાશનનું વિતરણ કરવામાં આવ્યું હતું.

૩ કિ.ગ્રા. ચોખા, ૫૦૦ ગ્રામ કપાસીયા તેલ, ચાના પેકેટ, બિસ્કીટ, ઓઆરએસ સેચેટ તથા પેરાસીટામોલની સ્ટ્રીપ આપવામાં આવી હતી. કુલ ૧૦૪ લાભાર્થી હતા.

સમિતિ તરફથી શ્રુતિ ગુપ્તે, રેખાબેન વ્યાસ, મિલિંદભાઈ, ભીમજીભાઈ સાથે હતા.

## આજે સે. ૩-ડીમાં આનંદનો ગરબો



ગાંધીનગર, તા. ૨૯

માં મેલડી આનંદ ગરબા મંડળ દ્વારા ૩૦મી તારીખે શુક્રવારે સાંઈબાબા મંદિરમાં સે. ૩-ડી ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન આનંદનો ગરબો યોજાશે. જેમાં પધારવા ભાવભર્યુ આમંત્રણ પાઠવ્યુ હતુ.


### ટૂંકી જાહેર નિવિદા નં.૦૨ સને ૨૦૨૨-૨૩

નાયબ કાર્યપાલક ઈજનેરશ્રી, પાટનગર યોજના પેટા વિભાગ નં.૫, ચોથો માળ, નિર્માણ ભવન, સેક્ટર-૧૦એ, ગાંધીનગર-૩૮૨૦૧૦ (ફોન નં. ૫૬૦૩૧)ની કચેરી દ્વારા સરકારશ્રીના સચિવાલય કેમ્પસમાં આવેલ નોન-રેસી. બિલ્ડીંગની જાળવણી અને મરામતની કામગીરીને લગતા ૦૨ (બે) કામ કે જેની અંદાજિત કિંમત રૂ. ૨.૮૪ થી રૂ. ૨.૯૧ લાખ થવા જાય છે. તેના માટે ગુજરાત રાજયના બાંધકામ વિભાગની માન્ય યાદીમાં યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા ઈજારદારશ્રીઓ પાસેથી મહોરબંધ ટેન્ડરો માંગવામાં આવે છે. કોરા ટેન્ડરો આપવાની છેલ્લી તા. ૭/૧૦/૨૦૨૨ તેમજ આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટથી પરત લેવાની તા. ૧૩/૧૦/૨૦૨૨ રાખવામાં આવેલ છે. શક્ય હશે તો આવેલ સીલબંધ ટેન્ડરો બીજા દિવસે હાજર રહેલ ઈજારદારશ્રીની હાજરીમાં ખોલવામાં આવશે.

આ કામની વિગતવાર નોટીસ અત્રેની કચેરીના નોટીસ બોર્ડ ઉપર મુકવામાં આવેલ છે. તેમજ વધુ માહિતી માટે ઉક્ત કચેરીનો જાહેર રજાના દિવસો સિવાય રૂબરૂ સંપર્ક સાધવાથી મળી શકશે.

માહિતી/૧૫૬૫/૨૨-૨૩

### ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ-૨૦૨૨-૨૩
બીજો પ્રયત્ન
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૭૪/૨૦૨૨-૨૩ | Renovation work of existing anganwadi for Kolwada, Randheja, Vavol and Pathapur Gandhinagar Municipal Corporation | રૂ. ૩૬૦૦/- | રૂ. ૨,૩૬,૭૭૫/- |

ટેન્ડર ફોર્મ તા. ૧/૧૦/૨૦૨૨થી તા. ૭/૧૦/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર પીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના .ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૧૦/૧૦/૨૦૨૨ થી ૧૩/૧૦/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી, રૂબરૂ મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૧૪/૧૦૨૦૨૨ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૫૭૫/૨૨-૨૩

### ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ-૨૦૨૨-૨૩
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૧૦૮/૨૦૨૨-૨૩ | Construction of Water Distribution Station with Electrical & Mechanical Work including O & M for 5 years in FP-389 & FP-469 of TP-410 & in FP 122 of TP-72 of GMC Area | રૂ. ૧૮૦૦૦/- | રૂ. ૨૯,૭૮,૪૫૫/- |
| ૭૩/૨૦૨૨-૨૩ | OPERATION & MAINTANANCE OF GARDERN AT KUDASA (T.P. 6, F.P. -131), SARGASAN (T.P.-8, F.P.-44) & RAYSAN (T.P.-19, F.P.-28) IN GMC AREA FOR 2 YEAR (24 MONTHS) (Second Trial) | રૂ. ૩૬૦૦/- | રૂ. ૧,૩૫,૪૨૦/- |

ટેન્ડર ફોર્મ તા. ૩/૧૦/૨૦૨૨થી તા. ૨૫/૧૦/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના .ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૨૭/૧૦/૨૦૨૨ થી ૩/૧૧/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી, રૂબરૂ મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ બીડ ઓપનીંગ તા. ૪/૧૧/૨૦૨૨ના રોજ સમ. ૧૨:૦૦ કલાકે કરવામાં આવશે. પ્રાઈઝ બીડ ઓપનીંગની જાણ અલગથી કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૫૬૯/૨૨-૨૩

### ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા
વર્ષ-૨૦૨૨-૨૩
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં ભાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૧૦૭/૨૦૨૨-૨૩ | Providing and laying Water Supply Distribution Nwtwork in TP Scheme No. 23 (P), 238, 79 (P), 46 (P), 410, 409B, 81(P), 72(P), 234 (P), 74 (P), 62, 61(P), 57(P), & 409A including O&M for 5 years o GMC Area | રૂ. ૧૮૦૦૦/- | રૂ. ૫૬,૧૮,૦૫૨/- |

ટેન્ડર ફોર્મ તા. ૩/૧૦/૨૦૨૨થી તા. ૩/૧૧/૨૦૨૨ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર પીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના .ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૪/૧૧/૨૦૨૨ થી ૧૧/૧૧/૨૦૨૨ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી, રૂબરૂ મોકલવાના રહેશે તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તે જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ટેકનીકલ બીડ ઓપનીંગ તા. ૧૪/૧૧/૨૦૨૨ના રોજ સમ. ૧૨:૦૦ કલાકે કરવામાં આવશે. પ્રાઈઝ બીડ ઓપનીંગની જાણ અલગથી કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૫૭૦/૨૨-૨૩

### ઓનલાઈન જાહેર નિવિદા
પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનીટ, ગાંધીનગર
(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)
જાહેર નિવિદા પી.આઈ.યુ. ૨ (૨૦૨૨-૨૩)

નાયબ નિયામકશ્રીની કચેરી પ્રોજેક્ટ ઈમ્પ્લીમેન્ટેશન યુનિટ, ૪થો માળ, પી.આઈ.યુ. / આર.ડી.ડી./ એન.એચ.એમ. બિલ્ડીંગ, સીવીલ હોસ્પિટલ કેમ્પસ, સેક્ટર-૧૨, ગાંધીનગર - ૩૮૨૦૧૨ દ્વારા નીચે જણાવેલ બાબતે ઓનલાઈન ટેન્ડર મંગાવવામાં આવે છે.

| ક્રમ નં. | કામનું નામ | ટેન્ડર ફી અને બાનાની રકમ | કામની મુદત |
|---|---|---|---|
| ૧ | કચેરી ઉપયોગી અર્થે જરૂરી સ્ટેશનરી સપ્લાય કરવા સાથેના ભાવ આપવા બાબત | ૯૦૦/- અને ૧૦,૦૦૦/- | ૨૪ માસ |

નોંધ ૧ - ટેન્ડર ફરી, ઈ.એમ.ડી. વિગેરે ઓરીજીનલ ડોક્યુમેન્ટ, ઓનલાઈન સ્કેન કરી ઓપલોડ કરી ટેન્ડર સબમીશનની છેલ્લી તારીખ ૭ (સાત) દિવસમાં આર.પી.એ.ડી.થી મોકલવાના રહેશે.
નોંધ ૨ - સક્ષમ અધિકારી એક કે બધા ટેન્ડર કોઈપણ કારણ વગર રદ કરવાના અધિકાર અબાધિત રાખે છે.

નોંધ ૩ - અમદાવાદ (શહેર) અને ગાંધીનગર (સહેર)ની રસ ધરાવતી પ્રતિષ્ઠિત સંસ્થા પાસેથી ભાવ મંગાવવામાં આવે છે. ઉપરોક્ત ટેન્ડરની વિગત www.nprocure.com પર મળી રહેશે.

ટેન્ડર ભરવાની છેલ્લી તા. ૨/૧૧/૨૦૨૨,ના ૧૮.૦૦ કલાક સુધી જોવા મળી શકશે. વધારાની વિગતો માટે ઉપર જણાવેલ વેબસાઈટ જોવા વિનંતી છે.

માહિતી/૧૫૫૮/૨૨-૨૩